**ફોજદારી અપીલ નં.૮૦/૨૦૨૬**
**આંક–૧ નું સાંધણ**

**... આંક–૧ લગત હુકમ ...**

(૧) આ કામે આરોપીને ધી. નેગો.ઈ.એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવીને સજા કરવામાં આવેલી તેની અપીલ થયેલ છે. આ અપીલના કામે મુળ આરોપી અને ફરીયાદી વચ્ચે સમાધાન થયેલ છે અને આંક–૧૩ થી સમાધાન પુરસીસ રજુ કરે છે. મુળ ફરીયાદી તથા તેઓના વકીલે સમાધાન પુરસીસમાં સહી કરેલી છે. આ સમાધાન રજુ થયેલુ છે, જેથી આંક–૧૩વાળુ સમધાન રેકર્ડ ઉપર લેવામાં આવેલુ છે. પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલુ છે. આ સંજોગોમાં પક્ષકારોનું સમાધાન ગ્રાહ્ય રાખવામાં આવે છે.

વધુમાં આ કામે ફરીયાદી તથા આરોપીની આર્થીક પરીસ્થીતી સંદર્ભે રજુ કરવામાં આવે છે અને આ સમાધાનમાં કોસ્ટની રકમ દર ગુજર કરવા વિનંતી કરેલી છે. આ કામે આરોપી તર્ફેના વિ.વ.શ્રીની રજુઆતને ધ્યાને લેતાં જો આ કેસમાં કોસ્ટની રકમ કરવામાં આવે તો આરોપી તે રકમ ભરી શકે તેવી સ્થીતીમાં નથી અને તેના કારણે સમાધાન પડી ભાગે તેમ છે. તેવી જ રીતે આરોપીને કોસ્ટ રકમ એકત્રીત કરવા માટે સમય આપવામાં આવે તો આ સમાધાન ફરીયાદીની નાણાંકીય જરૂરીયાત ધ્યાને લેતાં પડી ભાગે તેવું પણ જણાય છે. વધુમાં ધી નેગો.ઈન્સ્ટુ.એક્ટની કલમ ૧૩૮ મુજબનો ગુનો સમાધાન લાયક છે, તેથી કાયદામાં તે હેતુ પણ ધ્યાને લેવો જરૂરી છે. જો અદાલત દ્રારા ઉદારવલણ દાખવી કોસ્ટની રકમ માફ કરવા ન આવે તો સમાધાન પડી ભાગે પક્ષકારોની બીનજરૂરી રીતે બીજા લીટીગેશનમાં ઉતરવું પડે તેમ છે જેથી આ કેસમાં સમય મહત્વની બાબત છે તેથી વિશીષ્ટ સંજોગો જોતાં કોસ્ટની રકમ કરવી ન્યાયના હિતમાં ઉચીત જણાતી નથી તેથી કોસ્ટની રકમનો કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ધી નેગો.ઈન્સ્ટુ.એક્ટની કલમ ૧૩૮ મુજબનો ગુનો સમાધાન લાયક છે તેવા સંજોગોમાં આંક–૧૩વાળુ સમાધાન ધ્યાને લઈ ફોજદારી કેસ નં.૧૮૩૮/૨૦૨૪ ના કામે તા.૨૭/૧/૨૦૨૬ ના રોજ આરોપીને

તકસીરવાન ઠરાવીને સજા કરતાં અને વળતર ચુકવાના એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,શ્રી કડીઓના હુકમને રદ્દ કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો સમાધાન આધારે હુકમ કરવામાં આવે છે.

(૨) જો એપેલેન્ટે કોઇ રકમ ડીપોઝીટ પેટે ભરેલ હોય તો સમાધાનમાં નક્કી થયા મુજબ ચુકવણી કરવી.

(૩) આ હુકમની નકલ સાથે વિધ્દ્રાન ટ્રાયલ કોર્ટને તેનું અસલ રેકર્ડ પરત મોકલી આપવું

(૪) ખર્ચ અંગે હુકમ નથી.

આ હુકમ આજરોજ તા.૨૫મી, માહે માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ –૨૫–૩–૨૦૨૬ (એમ.એફ.ખત્રી)

સ્થળ – મહેસાણા. બીજા એડીશ્નલ સેશન્સ જજ, મહેસાણા.

જીજે૦૦૬૯૧